# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર.-૧૦૬/૨૦૧૬-૧૭ થી જા.ક્ર.-૧૧૦/૨૦૧૬-૧૭ (જા.ક્ર.૧૦૭ સિવાય) માટે તારીખ-૧૫/૧૨/૨૦૧૬ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૦/૧૨/૨૦૧૬ (૧૩:૦૦ કલાક)** સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે.

**જા.ક્ર.-૧૦૭/૨૦૧૬-૧૭ માટે તારીખ-૨૦/૧૨/૨૦૧૬ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૧૦/૦૧/૨૦૧૭ (૧૩:૦૦ કલાક)** સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે.

સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે **શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ,** ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવીત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | |
| ૧૦૬ | લેકચરર, ગુજરાત નર્સિંગ સેવા, વર્ગ-૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૬/૦૩/૨૦૧૭ | મે-૨૦૧૭ | જુન-૨૦૧૭ |
| ૧૦૭ | હિસાબી અધિકારી, ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ | ૨૪ | ૧૪ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૨૭/૦૫/૨૦૧૭ | જુલાઇ ૨૦૧૭ | નોંધ ક્રમાંક ૩ મુજબ |
| | સહાયક વાણિજ્ય વેરા કમિશ્નર, ગુજરાત વાણિજ્ય વેરા સેવા, વર્ગ-૧ | ૬૬ | ૩૬ | ૧૭ | ૦૪ | ૦૯ | ૧૨ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૦ | | | |
| ૧૦૮ | અતિથિગૃહ/વિશ્રામગૃહના મેનેજર, ગ્રેડ-૧, વર્ગ-૨ | ૦૬ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૯/૦૪/૨૦૧૭ | મે-૨૦૧૭ | સપ્ટે-ઓક્ટો-૨૦૧૭ |
| ૧૦૯ | કમિશ્નરશ્રી, ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી હસ્તક, ભુસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ | ૧૩ | ૦૮ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૯/૦૪/૨૦૧૭ | જુન-૨૦૧૭ | સપ્ટે-૨૦૧૭ |
| ૧૧૦ | કમિશ્નરશ્રી, ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી હસ્તક, મદદનીશ ભુસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ | ૨૧ | ૧૩ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૧૬/૦૪/૨૦૧૭ | જુન-૨૦૧૭ | ઓક્ટો-૨૦૧૭ |

<u>નોંધ :-</u> (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજીત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦ ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦ ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. આખરી પસંદગીમાં આયોગ જે લઘુત્તમ ધોરણ નક્કી કરશે તે લાગુ પડશે અને તેના મેરીટલીસ્ટના આધારે પસંદગી યાદી આખરી કરવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે.

(૩) જા.ક્ર. ૧૦૭ ના સંદર્ભમાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને જગ્યાના કુલ ૬ ગણા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે અને ત્યારબાદ આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા જગ્યાના કુલ ૩ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. મુખ્ય પરીક્ષા સંભવિત તા.૯,૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ યોજવામાં આવશે , જેનું સંભવિત પરિણામ ડિસેમ્બર ૨૦૧૭ માં આવશે તથા ત્યારબાદ રૂબરૂ મુલાકાત જાન્યુઆરી / ફેબ્રુઆરી ૨૦૧૮ માં યોજવામાં આવશે .

(૪) આખરી પરિણામ પ્રસિધ્ધ કરતી વખતે ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet આયોગની વેબસાઈટ પર મુકવામાં આવશે.

તારીખ-૧૫/૧૨/૨૦૧૬